**રાજયની ઇન્ટેલીજન બ્રાન્ચને સુદ્રઢ બનાવવા માટે મંજુર કરવામાં આવેલ મહેકમને કાયમી કરવા બાબત**

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

ઠરાવ ક્રમાંક: મહક/૧૦૦૭/૩૮૨૮/સ

સચિવાલય, ગાંધીનગર

તા. /૧૦/૨૦૧૫

06 JAN 2016

<u>વંચાણે લીધા:-</u>

૧. ગૃહ વિભાગનો તા.30/04/૨૦૦૮ નો સમાન ક્રમાંકના ઠરાવ

૨. ગૃહ વિભાગનો તા.૨૭/૦૪/૨૦૧૫ નો સરખા ક્રમાંકનો ઠરાવ

3. પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરનો તા.૨૮/૦૮/૨૦૧૫ નો પત્ર ક્રમાંક:ઇ.૧/૧૫૩૬/હંગામી જગ્યા/૨૩૧૬/૨૦૧૫

૪. નાણાં વિભાગનો તા.૨૧/૦૮/૧૯૮૭ ના ઠરાવ ક્રમાંક:સસપ/૧૦૩૮/૧૫૫૪/૮૭/ઝ

<u>ઠરાવ</u>:-

**રાજયની ઇન્ટેલીજન બ્રાનચને સુદ્રઢ બનાવવા તેમજ** કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિને સંગીન બનાવવા ઉભુ કરવામાં આવેલ મહેકમ કાયમી કરવા માટે આમુખ ક્રમાંક (૧) માં દર્શાવેલ ઠરાવથી વિવિધ સંવર્ગની કુલ ૧૦૩ જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે અને આમુખ ક્રમાંક(૨) માં દર્શાવેલ ઠરાવથી વિવિધ સંવર્ગની ભરાયેલ ૧૦૩ પૈકીની ભરાયેલ ૬૯ જગ્યાઓ ને તા.૨૯/૦૨/૨૦૧૬ સુધી ચાલુ રાખવા મંજુરી આપવામાં આવેલ છે.

૨/- **રાજયની ઇન્ટેલીજન બ્રાંચને** સંગીન બનાવવા ઉભુ કરવામાં આવેલ મહેકમને કાયમી કરવા માટેના વિવિધ સંવર્ગની ભરાયેલ ૬૯ જગ્યાઓ છેલ્લા ૭ (સાત) વર્ષ કરતાં વધુ સમયથી વખતો વખત ચાલુ રહેલ અને ભરેલ છે. આ હંગામી જગ્યાને આમુખ ક્રમાંક(3) થી પોલીસ મહાનિદેશકશ્રીની તા.૨૮/૮/૨૦૧૫ ની દરખાસ્તના અનુસંધાને હંગામી જગ્યાઓને કાયમી જગ્યાઓમાં રૂપાંતર કરવાની બાબત વિચારણા હેઠળ હતી.

3/- ઉકત આમુખના ક્રમાંક (૧) થી ઉભી કરવામાં આવેલ અને ભરાયેલ નીચે મુજબની ૬૯ જગ્યાઓને નીચેની શરતોને આધીન આમુખ ક્રમાંક (૪) આગળના નાણાં વિભાગના ઠરાવની જોગવાઇ અનુસાર હવે કાયમી જગ્યામાં રૂપાંતર કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

| અ.ન. | જગ્યાનો સંવર્ગ | ભરાયેલ જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઇન્ટેલીજન્સ ઓફીસર | ૪૪ |
| ૨ | મદદનીશ ઇંન્ટેલીજન્સ ઓફીસર | ૨૫ |
| | કુલ | ૬૯ |

(૧) સુચિત જગ્યા કાયમી કર્યા બાદ પણ જરૂરી જણાશે તો આ જગ્યા રદ કરી શકાશે.

(૨) હેતુ માટે જગ્યા ઉભી કરવામાં આવેલ છે તે હેતુ માટે જ સુચિત જગ્યાનો ઉપયોગ કરી શકાશે.

(૩) સુચિત જગ્યા તા.૨૯/૨/૨૦૧૬ સુધી હંગામી રહેશે અને તા.૧/૩/૨૦૧૬ થી સુચિત જગ્યા કાયમી જગ્યા તરીકે અમલી બનશે.

(૪) જે હંગામી જગ્યાને કાયમી કરવામાં આવેલ હોય તે હકીકત દર્શાવતું પત્રક એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ અને અમદાવાદ કચેરીને સત્વરે મોકલી આપવાનું રહેશે.

૪. આ અંગેનું ખર્ચ વર્ષ ૨૦૧૬-૧૭ માટે અને ત્યાર બાદ જે સદરે જોગવાઇ કરવામાં આવે તે સદર હેઠળ ઉધારવાનો રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ પર નાણાકીય સલાહકારશ્રી(ગૃહ) ની તા.૨૪/૦૯/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ગુંજન વ્હોરા)
સેકશન અધિકારી,
ગૃહ વિભાગ

પ્રતિ,

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી (ઇંન્ટેલીજન્સ), ગુજરાત રાજય, ગાંધીનગર
- નાયબ મુખ્ય પોલીસ અધિકારીશ્રી (કોમ્યુનિકેશન), ગાંધીનગર
- નાણા સલાહકારશ્રી(ગૃહ) નાણા વિભાગ સચિવાલય, ગાંધીનગર
- નાણા વિભાગ /ઝ ૧ શાખા, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી,ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ -
- સેક્શન અધિકારીશ્રી,બજેટ શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેકશન અધિકરીશ્રી આઇ.ટી. સેલ ગૃહ વિભાગ ની વેબ સાઇટ ઉપર ઠરાવ મુકવાની વિનંતી સાથે.
- શાખા સીલેક્ટ ફાઇલ
- નાયબ સેક્શન અધિકારી સીલેક્ટ ફાઇલ